9 અઢારમી સદીના રાજકીય શાસકો

E8L9Y7


X6E9J5

ઈ. સ. ભારતમાં 18મી સદી અનેક રાજકીય ઉથલપાથલવાળી હતી. 1707માં ઔરંગઝેબના મૃત્યુ પછી ભારત નાનાં-નાનાં રાજ્યોમાં વહેંચાઈ ગયું હતું. જેનો આપણે અભ્યાસ કરીએ.

મુઘલવંશના અંતિમ શાસકો

ઔરંગઝેબના અવસાન પછી મુઘલ ગાદી પર બહાદુરશાહ નામનો શાસક આવ્યો. તેણે રાજપૂત અને મરાઠા રાજ્યો સાથે શાંતિભર્યા સંબંધો બનાવ્યા. જોકે મરાઠાઓ વચ્ચે વારસાવિગ્રહ પણ કરાવ્યો. તેના સમયમાં ગુરુ ગોવિંદસિંહના મૃત્યુ બાદ શીખ સરદાર બંદા બહાદુરે મુઘલ સામ્રાજ્ય સામે વિદ્રોહ કર્યો.

બહાદુરશાહનું ઈ.સ. 1712માં અવસાન થતાં જહાંદરશાહ ગાદી પર આવ્યો. ઈ.સ. 1713માં જ તેને ઉથલાવીને ફર્રુખસિયર ગાદી પર બેઠો. આ સમયે સૈયદબંધુઓ તરીકે ઓળખાતાં બે ભાઈઓ સામ્રાજ્યમાં ઘણું વર્ચસ્વ ધરાવતા. તેમણે ફર્રુખસિયરને ગાદી પરથી ઉઠાડી મહંમદશાહને બાદશાહ બનાવ્યો. તેણે લાંબો સમય શાસન કર્યું. તેના સમયમાં ઈ.સ. 1739માં ઈરાનના નાદીરશાહનું ભારત પર આક્રમણ થયું. જેણે મુઘલ સામ્રાજ્યને મોટો ફટકો માર્યો. ઈ.સ. 1759માં ગાદી પર આવેલ શાહઆલમ બીજાને અંગ્રેજોએ બક્સરના યુદ્ધમાં હરાવી કંપનીનો પેન્શનર બનાવી દીધો.



18મી સદીનું ભારત

બંગાળ

મુર્શિદકુલીખાં અને અલીવર્દીખાંએ બંગાળમાં સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરી. ઈ.સ. 1757માં સિરાજ-ઉદ્-દૌલા બંગાળનો નવાબ બન્યો. ઈસ્ટ ઇન્ડિયા કંપની અને બંગાળના નવાબ વચ્ચે ઈ.સ. 1757માં પ્લાસીનું યુદ્ધ થયું. આ યુદ્ધની જીતથી બંગાળમાં અંગ્રેજોને 24 પરગણાની જાગીર મળી. પ્લાસીના યુદ્ધ બાદ નવાબ બનેલા મીરજાફરને હટાવીને મીરકાસીમને બંગાળનો નવાબ બનાવ્યો. તેણે અવધના નવાબ અને મુઘલ શહેનશાહનો સાથ મેળવીને અંગ્રેજો સામે બકસરનું યુદ્ધ કર્યું, જેમાં તેની હાર થતાં બંગાળમાં નવાબના શાસનનો અંત આવ્યો.

રાજપૂત શાસન

મુઘલ સામ્રાજ્યનાં પતન બાદ રાજસ્થાનમાં જયપુર સૌથી શક્તિશાળી રાજ્ય હતું. રાજા સવાઈ જયસિંહ કુશાગ્ર રાજનેતા, સુધારક, કાયદાવિદ્ અને વિજ્ઞાનપ્રેમી હતા. તેમણે જયપુર શહેરની સ્થાપના કરી. તેઓ મહાન ખગોળશાસ્ત્રી હતા. તેમણે દિલ્લી, જયપુર, ઉજ્જૈન અને મથુરામાં આધુનિક વેધશાળાઓની સ્થાપના કરી હતી.



જંતરમંતર

અન્ય રાજપૂત રાજ્યોમાં જોધપુર, બિકાનેર, કોટા, મેવાડ, બુંદી અને શિરોહી અગત્યનાં હતાં.

શીખ સામ્રાજ્ય

ગુરુ નાનકે 15મી સદીમાં શીખધર્મની સ્થાપના કરી હતી. શીખધર્મ ગુરુ પરંપરા સાથે સંકળાયેલો છે. જેમાં 10 ગુરુઓ થયા. 10મા ગુરુ ગોવિંદસિંહે શીખોને એકતાના તાંતણે બાંધી શીખ રાજ્યની સ્થાપના કરી. ગુરુ ગોવિંદસિંહ પછી બંદાબહાદુરે મુઘલ સામ્રાજ્ય વિરુદ્ધ ભયંકર વિદ્રોહ કર્યો. શીખો 12 સમૂહમાં વિભાજિત હતા. જેમાંનો એક સમૂહ સુકરચકિયાના શક્તિશાળી નેતા રણજિતસિંહે શીખ સામ્રાજ્યનો વિકાસ કર્યો. તેમણે લાહોર અને અમૃતસર પર વિજય મેળવ્યો. તેમણે કશ્મીર, પેશાવર અને મુલતાનનો વિજય કરી શીખ સામ્રાજ્યનો વિશાળ વિસ્તાર ઊભો કર્યો. તેમના લશ્કરમાં યુરોપિયન સેનાપતિઓ અને સૈનિકો હતા. તેઓએ તેમના સૈન્યને યુરોપના સૈન્યની જેમ અતિ આધુનિક બનાવ્યું હતું. લાહોરમાં તેમણે તોપ બનાવવાનું કારખાનું સ્થાપ્યું હતું. તેઓ ધાર્મિક રીતે ઉદાર હતા. જોકે તેમના મૃત્યુ બાદ અંગ્રેજોએ ઈ. સ. 1849માં શીખ સામ્રાજ્યને બ્રિટિશ સામ્રાજ્યમાં ભેળવી દીધું.

મરાઠા સામ્રાજ્ય

17મી સદીના મહાન શાસકોમાં છત્રપતિ શિવાજી મહારાજ અગ્ર સ્થાને છે. બીજાપુરના સુલતાન, મુઘલ સમ્રાટ ઔરંગઝેબ, પોર્ટુગીઝો વગેરેને હંફાવીને છત્રપતિ શિવાજીએ એક સ્વતંત્ર રાજ્યનું નિર્માણ કર્યું હતું.

છત્રપતિ શિવાજી મહારાજના નેતૃત્વ હેઠળ, મરાઠાઓએ દખ્ખણમાં છાપામાર યુદ્ધપદ્ધતિ અપનાવી. તેમણે સ્વતંત્ર રાજ્ય માટે કુશળ, કાર્યક્ષમ અને પ્રજાહિતકારી શાસનતંત્રની સ્થાપના કરી. આ સિદ્ધિઓની સાથે, શિવાજીનું ઉચ્ચ ચારિત્ર્ય અને ઉદાર નીતિઓ પણ સામેલ હતી. છત્રપતિ શિવાજી બાદ શિવાજીના પૌત્ર શાહુને ઔરંગઝેબે કેદ કર્યો હતો. ઈ.સ. 1707 બાદ શાહુ છૂટતાં તેને કાકી તારાબાઈ સાથે વારસાવિગ્રહ થયો. શાહુ સાથે સંકળાયેલ પેશ્વા બાલાજી વિશ્વનાથે શાહુને વિજય અપાવ્યો. તેમના સમયથી મરાઠા રાજ્યમાં પેશ્વા પ્રથાની શરૂઆત થઈ.



છત્રપતિ શિવાજી મહારાજ



બાલાજી વિશ્વનાથ

બાલાજી વિશ્વનાથ પ્રથમ પેશ્વા હતા. તેમણે મરાઠા રાજ્યનો વિકાસ કરી તમામ સત્તા પોતાના હાથમાં લઈ લીધી. ઈ.સ. 1720માં તેમનું અવસાન થતાં તેમના પુત્ર બાજીરાવ પહેલો પેશ્વા બન્યા. તેઓ કુશળ યોદ્ધા અને ચતુર રાજનીતિજ્ઞ હતા. તેમણે ઘણા મુઘલ વિસ્તારો મરાઠા સામ્રાજ્યમાં ભેળવી દઈ મરાઠા રાજ્યનો વિકાસ કર્યો. તેમણે માળવા, ગુજરાત અને બુંદેલખંડ પણ જીતી લીધાં. એટલું જ નહિ તેમણે હૈદરાબાદના નિઝામને પણ હરાવ્યો. તેમણે મહારાષ્ટ્રને એક મહાન મરાઠા સામ્રાજ્યમાં પરિવર્તિત કરી દીધું.

ઈ.સ. 1740માં તેમના અવસાન બાદ તેમના પુત્ર બાલાજી બાજીરાવ પેશ્વા બન્યા. તેમણે બંગાળથી લઈને મૈસુર સુધીના વિજયો પ્રાપ્ત કર્યા.

ઈ.સ. 1761માં ઈરાનના શાહ એહમદશાહ અબ્દાલીએ ભારત પર આક્રમણ કર્યું. મરાઠાઓ અને અબ્દાલી વચ્ચે પાણિપતનું ત્રીજું યુદ્ધ થયું. જેમાં મરાઠા રાજ્યની હાર થઈ. હારના સમાચાર મળતાં આઘાતથી બાલાજી બાજીરાવનું અવસાન થયું. આ યુદ્ધે મરાઠાઓને નિર્બળ બનાવ્યા. પરિણામે ભારતમાં બ્રિટિશ સત્તાનો ઉદય થયો.

સ્વાધ્યાય

R1I5A7

1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં ઉત્તર આપો :

(1) બંગાળના પ્રથમ નવાબનું નામ શું હતું ?

(2) રણજિતસિંહ કયા શીખ સમૂહમાંથી આવતા હતા ?

(3) પાણિપતનું ત્રીજું યુદ્ધ કોની-કોની વચ્ચે થયું હતું ?

(4) જયપુરની સ્થાપના કોણે કરી હતી ?

2. નીચેના પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર આપો :

(1) 18મી સદીના ભારતની રાજકીય સ્થિતિનો ચિતાર આપો.

(2) પેશ્વા બાજીરાવ પ્રથમની સિદ્ધિઓ જણાવો.

(3) સવાઈ જયસિંહનું વિજ્ઞાનક્ષેત્રે પ્રદાન સ્પષ્ટ કરો.

(4) મુઘલ ઘરાનાના અંતિમ શાસકોનાં નામનો ચાર્ટ તૈયાર કરો.

3. નીચે આપેલ વિકલ્પમાંથી સાચો વિકલ્પ શોધીને સાચો ઉત્તર લખો :

(1) ઈ.સ. 1707માં નીચેનામાંથી કયા મુઘલ બાદશાહનું અવસાન થયું હતું ?

(A) અકબર (B) બહાદુરશાહ

(C) જહાંગીર (D) ઔરંગઝેબ

(2) નીચેનામાંથી કયા શીખ સરદારે મુઘલો વિરુદ્ધ બળવો કર્યો હતો ?

(A) અમરદાસ (B) રામદાસ

(C) બંદાબહાદુર (D) અર્જુનદેવ

(3) ભારતમાં કોણે વેધશાળાની સ્થાપના કરી હતી ?

(A) અકબર (B) સવાઈ જયસિંહ

(C) જશવંતસિંહ (D) રાણા પ્રતાપ

(4) નીચેનામાંથી પ્રથમ પેશ્વા કોણ હતા ?

(A) બાલાજી વિશ્વનાથ (B) બાજીરાવ પહેલો

(C) માધવરાવ પહેલો (D) બાલાજી બાજીરાવ